ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

ક્રમાંક/બીકેએનએમયુ/શિષ્યવૃત્તિ/૦૩૪/૨૦૨૬ તા. ૧૧/૦૯/૨૦૨૬

**વિષય:- વર્ષ ૨૦૨૨-૨૩ થી ૨૦૨૪-૨૫ માં ડીઝીટલ ગુજરાત પોર્ટલ અંતર્ગત પેન્ડીંગ અરજીઓના નિકાલ કરવા બાબત.**
**સંદર્ભ:- 1) મદદનીશ કમિશ્નરશ્રી (તકેદારી) ની કચેરી, રાજકોટનાં પત્ર ક્રમાંક: નં.મક/આવિ/રાજ/૨૦૨૬-૨૭/૧૪૬૫ થી ૧૪૬૫ તા. ૦૨/૦૯/૨૦૨૬**

## પરિપત્ર:-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર દ્વારા પાછલા વર્ષો દરમિયાન અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટેની વિવિધ પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃતિ યોજનાઓ હેઠળ ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત મળેલ અરજીઓના નિકાલ અંગે સમીક્ષા કરતા શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી ૨૦૨૪-૨૫ સુધીમાં મોટા પ્રમાણમાં અરજીઓ વિવિધ કક્ષાએ પડતર હોવાનું ધ્યાને આવેલ છે.તેથી માન. નિયામકશ્રીનાં સ્પષ્ટ આદેશ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી ૨૦૨૪-૨૫માં ડિજીટલ ગુજરાત પોર્ટલ અંતર્ગત તમામ કોલેજોએ પડતર રહેલ શિષ્યવૃતિની અરજીઓનો નિયમોનુસાર વેરિફિકેશન કરી તા. ૧૫ સપ્ટેમ્બર સુધીમાં તાત્કાલિક જીલ્લા કચેરીને મોકલી આપશો.

ઉક્ત સમયમર્યાદા પૂર્ણ થયેથી શૈક્ષણિક સંસ્થા દ્વારા જીલ્લા કચેરી ખાતે અરજી મોકલવા માટેનું ઓનલાઈન શિડયુલ બંધ કરી દેવામાં આવશે, જેથી ઉક્ત યોજનાઓ હેઠળની કોઈપણ અરજીમાં આગળની કાર્યવાહી થઇ શકશે નહિ. વધુમાં માગ્યા મુજબની પૂર્તતા કર્યા વગર અરજી ક્ષતિપૂર્તતા અર્થે કચેરીને અરજી મોકલવામાં આવશે અને અત્રેની કચેરીને અરજીમાં કોઈ ક્ષતિ જણાશે તો આવી અરજી ક્ષતિપૂર્તતા અર્થે પરતા ન કરતા અગાઉથી દર્શાવેલ ક્ષતિ અનુસંધાને શૈક્ષણિક સંસ્થા કોઈ ખુલાસો રજુ કરવા માંગતી નથી તેમ ગણી અરજી સીધી નાંમંજુર કરવામાં આવશે જેની ગંભીરતાપુર્વક નોંધ લેશો. આવા કિસ્સામાં કોઈપણ કારણોસર વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત રહેશે તો તે અંગે સબંધિત વિદ્યાર્થી અથવા જે-તે કોલેજ સંસ્થા જવાબદાર રહેશે.

**ખાસ નોંધ :- ૧) ઉક્ત બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે-તે સંસ્થા/કોલેજ/ અનુસ્નાતક કેન્દ્રનાં ટ્રસ્ટીશ્રી/આચાર્યશ્રીની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.**
**૨) તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજના નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.**

**ડીરેક્ટર**
**સ્કોલરશીપ સેક્શન,**
**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,**
**જુનાગઢ.**

બિડાણ:-
- સંદર્ભદર્શિત પત્રની નકલ

પ્રતિ,
૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ.
૨) માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.

**નકલ સાદર રવાના:-**
૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ.....

સરકારી પોલીટેક્નીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503
: www.bknmu.edu.in || registrar@bknmu.edu.in

મદદનીશ કમિશ્નરશ્રી (તકેદારી)ની કચેરી
જિલ્લા સેવા સદન-3, બ્લોક નં 1,
પહેલો માળ, સરકારી પ્રેસની બાજુમાં, રાજકોટ
E Mail: vo-tdd-raj@gujarat.gov.in
Ph.No.: (0281)2478375

सत्यमेव जयते
ગુજરાત સરકાર

જનજાતીય કલ્યાણ યોજના

નં.મક/આવિ/રાજ/૨૦૨૬-૨૭/ ૧૪૬૪થી ૧૪૬૫ તા.૨/૦૯/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી/ડિનશ્રી/ડાયરેક્ટરશ્રી/રજીસ્ટ્રારશ્રી.....(તમામ)
શાળા/કોલેજ/યુનિવર્સિટી/સંસ્થા – ભક્ત કવિ નરસિંહ મહેતા યુ.નિ. - જુનાગઢ
જિ. જુનાગઢ

<u>વિષય</u>: શિષ્યવૃતિની પડતર અરજીઓના નિકાલ બાબત
<u>સંદર્ભ</u>: નિયામકશ્રી, આ.વિ.ની કચેરી, ગાંધીનગરના પત્રક્માંક-DOTD/0546/08/2026 તા.28/08/2026

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે તમામ શાળા/કોલેજ/યુનિવર્સિટી/સંસ્થાઓને જણાવવાનું કે. માન.નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર દ્વારા પાછલા વર્ષો દરમિયાન અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટેની વિવિધ પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃતિ યોજનાઓ હેઠળ ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત મળેલ અરજીઓના નિકાલ અંગે સમીક્ષા કરતા શૈક્ષણિક <u>વર્ષ ૨૦૨૨-૨૩ થી ૨૦૨૪-૨૫</u> સુધી ખૂબ મોટા પ્રમાણમાં અરજીઓ વિવિધ કક્ષાએ પડતર હોવાનું ધ્યાને આવેલ છે. અત્રેની કચેરી દ્વારા અધૂરી વિગતો ધરાવતી અરજીઓને જાહેર હિતમાં નામંજૂર કરવાને સ્થાને ક્ષતિપૂર્તતા માટે પરત કરવામાં આવે છે. પરંતુ, દર્શાવેલ ક્ષતિઓની પૂર્તતા લાંબા સમયગાળા સુધી કરવામાં ન આવે તો જે-તે અભ્યાસક્રમ પૂર્ણ થઇ જતા તેવી અરજીઓની ખરાઈમાં ઘણી મુશ્કેલી પડે છે. વધુમાં, ભારત સરકાર-પુરસ્કૃત યોજનાઓ હેઠળ જે-તે શૈક્ષણિક વર્ષ માટેના નાણાકીય હિસાબોમાં પણ ગૂંચ ઉદભવે છે. ઉપરાંત, આવી તમામ અરજીઓના નિકાલ માટે અગાઉ વારંવાર સૂચનાઓ આપવામા આવેલ હોવા છતાં ઘણી અરજીઓ હાલ પણ પડતર રહેલ છે. તેથી માન.નિયામકશ્રીના સ્પષ્ટ આદેશ મુજબ આપની શાળા/કોલેજ/યુનિવર્સિટી/સંસ્થાઓ ખાતે ઉક્ત મુજબની ચૂકવવાપાત્ર કે મંજૂર કરવાપાત્ર શિષ્યવૃતિની અરજીઓની ચકાસણી કરી અને અત્રેથી પૂર્તતા માટે પરત કરેલ અરજીઓ અન્વયે ફરજિયાતપણે જરૂરી પૂર્તતા કર્યા બાદ <u>મહત્તમ ૧૫ સપ્ટેમ્બર</u> સુધીમાં માં અત્રેની કચેરીએ મોકલી આપવા ભારપૂર્વક જણાવવામાં આવે છે. <u>ઉક્ત સમયમર્યાદા પૂર્ણ થયેથી શૈક્ષણિક સંસ્થા દ્વારા જિલ્લા કચેરી ખાતે અરજી મોકલવા માટેનું ઓનલાઈન શિડ્યુલ બંધ કરી દેવામાં આવશે, જેથી ઉક્ત યોજનાઓ હેઠળની કોઈપણ અરજીમાં આગળની કાર્યવાહી થઈ શકશે નહિ</u>. વધુમાં, માંગ્યા મુજબની પૂર્તતા કર્યા વગર અત્રેની કચેરીને અરજી મોકલવામાં આવશે અને અત્રેની કચેરીને અરજીમાં કોઈ ક્ષતિ જણાશે તો આવી અરજી ક્ષતિપૂર્તતા અર્થે પરત ન કરતા અગાઉથી દર્શાવેલ ક્ષતિ અનુસંધાને શૈક્ષણિક સંસ્થા કોઈ ખુલાસો રજૂ કરવા માંગતી નથી તેમ ગણી અરજી સીધી નામંજૂર કરવામાં આવશે જેની ગંભીરતાપૂર્વક નોંધ લેશો. આવા કિસ્સામાં સંતોષકારક રીતે ક્ષતિપૂર્તતા ન થવાના કારણોસર કોઈ વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત રહેશે, તો તે અંગે સંબંધિત વિદ્યાર્થી અથવા શાળા/કોલેજ/યુનિવર્સિટી/સંસ્થા જવાબદાર રહેશે. આ પત્રની જાણ આપના તાબા હેઠળની શાળાઓ/કોલેજો/સંસ્થાને કરવા વિનંતિ છે.

મદદનીશ કમિશ્નર (તકેદારી)
રાજકોટ

<u>નકલ સવિનય રવાના :-</u>

૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)...... તરફ જાણ તથા તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત વિષય બાબતે જરૂરી સુચના આપવા સારૂ.

GENERAL REGISTER
Inward No. 3147
Date 11/9/26